@kkm1940 www.kkmtrust.org

કપડવંજ કેળવણી મંડળ

KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 K.K.M
शिक्षा • संस्कार • सेवा • सहयोग

Affordable Education For All

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળનું મુખપત્ર (ફક્ત અંગત વિતરણ હેતુ)

અંક નં. ૭૮
વર્ષ ૨૦૨૪-૨૫

સ્થાપના વર્ષ - ૧૯૪૦

સંપાદક: ઋચા આચાર્ય, સહ સંપાદક: મનીષા પટેલ , ડીઝાઇનર: ફાલ્ગુની સુથાર, માર્ગદર્શક: અનંતભાઈ શાહ, પ્રકાશક: કપડવંજ કેળવણી મંડળ

રક્તદાન શિબિરનું આયોજન



રક્તદાન મહાદાન યુક્તિને યથાર્થ કરતાં કપડવંજ કેળવણી મંડળ કેમ્પસ ખાતે તા. ૨ ઓગસ્ટ ૨૦૨૪ ના રોજ ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, કપડવંજના સહયોગથી રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. કેમ્પસમાં કપડવંજ કેળવણી મંડળ સંચાલિત સંસ્થાના કર્મચારીઓ અને વાલીઓ સહિત ૪૬ દાતાઓએ રક્તદાન કર્યું. આ શિબિરમાં દાન કરવામાં આવેલ રક્તનું પ્રત્યેક ટીપું જીવન બચાવી શકે છે, જે આપણા સમુદાયના આરોગ્ય અને સંભાળ પ્રત્યેના સમર્પણને ઉજાગર કરે છે.ભાગ લેનાર તમામ દાતાઓને કપડવંજ કેળવણી મંડળ આભાર વ્યક્ત કરે છે.

પી. બી. સાયન્સ કોલેજ



કોલેજનું ગૌરવ – ઓલ ઇન્ડિયા કક્ષાએ ઉતીર્ણ

સાયન્સ કોલેજના પોસ્ટ ગ્રેજ્યુએટ વિભાગના અધ્યાપક ડો. મિલનસિંહ ગોહિલે કેમેસ્ટ્રીમાં NET ની પરીક્ષા All India Rank 27 સાથે સફળતાપૂર્વક ઉત્તીર્ણ કરી કોલેજ, કેળવણી મંડળ તથા કપડવંજનું ગૌરવ વધાર્યું છે. તેમને KKM પરિવાર અભિનંદન પાઠવે છે.

કપડવંજ કેળવણી મંડળ આયોજીત શરદઉત્સવ





આસો માસો શરદપૂનમની રાત જો... ચાંદલીયો ઉગ્યોરે સખી મારા ચોકમાં રે લોલ...

કપડવંજની શેરીઓમાંના એક શ્રી સૂર્યકાન્ત ચંદુલાલ દાણી કપડવંજ કેળવણી મંડળ કેમ્પસમાં તા. ૧૬-૧૦-૨૦૨૪ ના રોજ મંડળ સંચાલિત તમામ સંસ્થાનો શરદ ઉત્સવ સંસ્થાના કર્મચારીઓ અને તેમના પરિવારજનો સાથે ઉજવવામાં આવ્યો. આ કાર્યક્રમમાં કેળવણી મંડળના હોદ્દેદારશ્રીઓ, કારોબારી કમિટીના સદસ્યશ્રીઓ, આજીવન સભ્યો, તમામ સંસ્થાના આચાર્યશ્રીઓ અને કર્મચારીઓ તથા તેમના પરિવારજનો સાથે ૬૫૦ જેટલા વ્યક્તિઓ ઉપસ્થિત રહ્યાં. સાંજે માતાજીની આરતી કરી ગરબાની રમઝટ જમાવવામાં આવી. ભાઈઓ તથા બહેનોમાં જેઓ ટ્રેડીશનલ ડ્રેસ ધારણ કરી પ્રાચીન તથા અર્વાચીન એક્શન સાથે નોનસ્ટોપ ગરબામાં ઘુમ્યા, તેમાંથી શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર 5-5 ખેલૈયાઓને એક્શન, ડ્રેસ, વિવિધતા, સ્ટેમિનાને ધ્યાનમાં રાખીને પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા તથા મંડળ સંચાલિત દરેક સંસ્થાઓએ પોતાની કૃતિ રજુ કરી સૌએ શરદ ઉત્સવની મજા માણી.





સવિતા કાંતિ ડીજીટલ સ્કીલીંગ પ્રોગ્રામની ત્રીજી બેચનો સમાપન સમારોહ





કપડવંજ કેળવણી મંડળ સમાજના વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહ્યું છે અને સમયાનુસાર વિવિધ સ્કીલ પ્રોગ્રામ ધ્વારા સમાજને એક ઉત્તમ સેવા આપી રહ્યું છે. કપડવંજ કેળવણી મંડળ અને ત્રિવેદી પરિવારના સંયુક્ત ઉપક્રમે સવિતા-કાંતિ ડિજિટલ સ્કીલીંગ પ્રોગ્રામ હેઠળ કપડવંજ નગરની મહિલાઓ અને દીકરીઓ માટે વિનામૂલ્યે બેઝિકસ ઓફ કોમ્પ્યુટર એન્ડ ડિજિટલ એજ્યુકેશન પ્રોગ્રામ શરુ કરવામાં આવ્યો છે. આ પ્રોગ્રામની તૃતીય બેચમાં ૩૮ વિધાર્થીનીયો જોડાયેલ. આ પ્રોગ્રામ અંતર્ગત તેમને માઈક્રોસોફ્ટ ઓફિસ, ઇન્ટરનેટ, કેનવા, ઇ-મેલ, પેઈન્ટ અને કોમ્પ્યુટરના હાર્ડવેરની તાલીમ આપવામાં આવી. અત્યાર સુધીમાં કુલ 83 મહિલાઓ તાલીમ મેળવી ચુકી છે. આ પ્રોગ્રામ હેઠળ ઉપસ્થિતિ અતિથિશ્રીઓના હસ્તે તૃતીય બેચની વિધાર્થીનીઓને કોર્ષ પૂર્ણ કર્યાનું પ્રમાણપત્ર આપીને પ્રોત્સાહિત કર્યા.

જીલ્લા કક્ષાની વકૃત્વ સ્પર્ધાનું મંડળ ખાતે આયોજન



ખેડા જીલ્લા કક્ષાની વકૃત્વ સ્પર્ધા કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી સી.એન.વિદ્યાલય ખાતે યોજાઈ હતી. જેમાં “આર્ટીફીસીયલ ઈન્ટેલીજન્સ – પોટેન્સીયલ એન્ડ કન્સન” થીમ પર વિધાર્થીઓએ તેમના મંતવ્યો PPT પ્રેજન્ટેશન અથવા ચાર્ટ સાથે રજૂ કરવાના હતા.જેમાં મંડળ સંચાલિત શ્રી સી.એન.વિદ્યાલય તથા શ્રીમતી સી.સી.ગાંધી .ઈ.મી.સ્કુલ તથા ખેડા જીલ્લાની વિવિધ શાળાઓમાંથી ૧૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં સી.એન.વિદ્યાલયની મન્ના ક્રિશ્ચન - પ્રથમ અને પૃથા પટેલ - દ્વિતીય સ્થાન મેળવ્યું હતું. જેઓ ટુંક સમયમાં રાજ્ય કક્ષાએ ભાગ લેવા જશે.

શાહ કે.એસ.આર્ટસ એન્ડ વી.એમ. પારેખ કોમર્સ કોલેજ



સતત 34 વર્ષ સેવક તરીકે ફરજ બજાવી વય મર્યાદાને લીધે નિવૃત્ત થયેલ પ્રકાશ ભીખુભાઇ વાઘેલાનો શુભેચ્છા સમારોહ યોજાયો જેમાં કૉલેજ સ્ટાફપરિવાર તેમના નિકટના પરિવારજનો સંમલિત થયા. આચાર્ય શ્રી ડૉ.ગોપાલ શર્મા સાથે દરેક મિત્રોએ ફૂલહાર પહેરાવી, શાલ ઓઢાડી, સન્માનપત્ર અને મેમેન્ટો આપી પ્રકાશભાઈને વિદાય આપી.

રાજ્ય કક્ષાએ STEM ક્વેસ્ટમાં કપડવંજ કેળવણી મંડળની વિદ્યાર્થીની વિજેતા



ગુજરાત સરકારની દુરદર્શન TV ચેનલ ડી ડી ગિરનાર ધ્વારા આયોજીત અને પ્રદર્શિત STEM (science, Technology, Engineering & Mathematics) ક્વેસ્ટમાં KKM સંચાલિત શ્રીમતી સી.ડી.ગાંધી ઈંગ્લીશ મીડીયમ સેકન્ડરી અને સૂર્યકાન્ત ચંદુલાલ દાણી સેકન્ડરી શાળાએ રોમાંચક સફર શરુ કરી ક્વેસ્ટમાં અદભૂત સિદ્ધિ મેળવી. આ કવેસ્ટમાં બંને શાળાના કુલ ૧૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. આ ક્વેસ્ટમાં કુલ ત્રણ રાઉન્ડ રમાડવામાં આવ્યા.

સી.ડી.ગાંધી સ્કૂલની વિદ્યાર્થીની ઉઝમા સૈયદ ફાઈનલ રાઉન્ડમાં પહોંચી અને વિજેતા બની ત્રીજું સ્થાન મેળવ્યું. વિજ્ઞાન, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને ગણિતના નવીનતમ વલણોને આવરી લેતી આ પડકારજનક ક્વિઝમાં તેણીનું નોંધપાત્ર પ્રદર્શન કપડવંજ કેળવણી મંડળના સમર્પણ અને પ્રતિભાને પ્રકાશિત કરે છે. ઉઝમા અને ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓએ શાળા અને મંડળને ગર્વ અપાવ્યું છે !





માણેકલાલ દેસાઈ કિશોર મંદિર

સ્કુલના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનું સાંસદ સભ્ય દેવુસિહ ચૌહાણના હસ્તે સન્માન



શિક્ષકદિન નિમિતે ખેડાજીલ્લા કક્ષાના પારિતોષિક વિતરણ સમારોહમાં શ્રી માણેકલાલ દેસાઈ કિશોર મંદિરના ત્રણ વિધાર્થીઓ - મિતવર્ધન ચૌહાણ, પ્રિયાંશુ પટેલ અને ખુશ પટેલનું કાર્યક્રમમાં ઉપસ્થિત ખેડા જીલ્લા સાંસદશ્રી દેવસિહ ચૌહાણના હસ્તે સન્માન કરવામાં આવ્યું. ગુજરાત શિક્ષણ વિભાગ ધ્વારા દર વર્ષે ધોરણ 5 ના વિધાર્થીઓ માટે રાજ્ય કક્ષાએ કોમન એન્ટ્રન્સ ટેસ્ટ લેવામાં આવે છે. જેમાં માણેકલાલ દેસાઈ કિશોર મંદિરના ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓમાં ઉપરોકત વિદ્યાર્થીઓ પ્રથમ ત્રણમાં સ્થાન પામ્યા હતા.

આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તેમજ પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી પણ ઉપસ્થિત રહ્યાં હતા. સૌએ કપડવંજ કેળવણી મંડળ, માણેકલાલ દેસાઈ કિશોર મંદિર તથા વિદ્યાર્થીઓ અને શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.



એસ.સી.દાણી પ્રાયમરી સ્કુલ

સમૂહગાન સ્પર્ધામાં વિજેતા





ભારત વિકાસ પરિષદ દ્વારા આયોજિત સમૂહગાન સ્પર્ધા જેમાં વિભાગ અ અને બ (પ્રાથમિક અને માધ્યમિક)માં એસ. સી. દાણી સ્કૂલની ધોરણ-8 અને 9 ની વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો. જેમાં "ભારતમાં કી સંતાને હમ" અને “તન સમર્પિત મન સમર્પિત” ગીત રજૂ કર્યા. બંને વિભાગની વિદ્યાર્થીનીઓએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી શાળાને ગૌરવ અપાવ્યું.

શાળાના “નિષ્ણાત વાલી”(પેરેન્ટ્સ) સાથે વિધાર્થીઓનો ચર્ચા વિચારણા કાર્યક્રમ



ધોરણ-7 માં વિજ્ઞાન વિષયમાં "ઉષ્મા" પાઠના અનુસંધાનમાં પશુઓમાં ઉષ્મા માપન કેવી રીતે થાય છે તેની સમજ આપવા માટે અમુલ ચિલિંગ સેન્ટરમાં 18 વર્ષથી કાર્યરત ડોક્ટર જયંતિભાઈ. એમ. પટેલને આમંત્રિત કરવામાં આવ્યા. જેઓ હાલ શાળાના વાલી પણ છે. ધોરણ-7 ના ત્રણે વર્ગના વિદ્યાર્થીઓને ગાય અને ભેસમાં ઉષ્મા માપન કેવી રીતે થાય છે તે સમજ આપી હતી અને સમજાવ્યું કે પશુઓને તાવ આવે ત્યારે કેટલું તાપમાન હોય? તાવ માપવા માટે પશુઓનું કયું અંગ વપરાય? આ ચર્ચામાં વિદ્યાર્થીઓ દ્વારા ઘણા મહત્વના પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા જેનો તેઓશ્રીએ ઘણાજ સરળ ભાષામાં જવાબો આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

એમ.વી.પરીખ ઈંગ્લીશ મીડીયમ નર્સરી સ્કુલ



ફિલ્ડ ટ્રીપ

શાળા ધ્વારા નાના ભૂલકાઓને શિક્ષણના ભાગ રૂપે બસ-સ્ટેન્ડ, ફાયર સ્ટેશન, નગરપાલિકા, પોલીસ સ્ટેશનની મુલાકાત કરાવી. જેમાં ત્યાના કર્મચારીઓ ધ્વારા બાળકોને વિવિધ વિભાગોના કાર્યોની પ્રત્યક્ષ સમજ આપવામાં આવી.







વાલીશ્રી (પેરેન્ટ્સ) દ્વારા ડોક્ટર વ્યવસાયની પ્રત્યક્ષ સમજ



બાલમંદિર વિભાગમાં બાળકોને સમાજના વિવિધ ક્ષેત્રના વ્યવસાયકારોની સમજ આપવામાં આવે છે, તેના ભાગરૂપે શાળાના જ વાલીશ્રી ડૉ. ઉર્વશી કે. પંડયા ધ્વારા શાળામાં ડોકટરની કામગીરી તથા તેમના સાધનોની ઉપયોગીતાની સમજ આપવામાં આવી.



સ્પંદન બાલમંદિર

ગણેશઉત્સવ

શ્રી શિવનેરી ગણેશ યુવક મંડળ દ્વારા આયોજિત ઇન્ટરસ્કૂલ કોમ્પિટિશનમાં શ્રી સ્પંદન બાલમંદિરના બાળકોએ ભાગ લીધો હતો. જેમાં નાના ભૂલકાઓએ હનુમાન ચાલીસા પર સુંદર પર્ફોર્મન્સ આપી સતત ચોથા વર્ષે પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી શાળાને ગૌરવ પ્રદાન કર્યું. વિજેતા થયેલ બાળ કલાકારોને ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. નાના ભૂલકાઓને શાળા પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.





જડાવબા શિશુ કેન્દ્ર

' રેઈની ડે' (વરસાદી દિવસ)ની ઉજવણી



'કાગળની હોડી મારી, મૂકી જળમાં તરતી....

ભારત ઋતુઓનો દેશ છે. કારતકથી આસો બાર મહિના વિવિધ ઋતુઓ સાથે માનવ હૈયા પણ મલકાય છે. બાળકોને વરસાદની ઋતુનું મહત્વ સમજાય એ હેતુથી બાલમંદિરમાં 'રેઈની ડે'(વરસાદી દિવસ) ની ઉજવણી કરવામાં આવી હતી.

જેમાં બાળકોએ એક્ટિવિટીના ભાગરૂપે સરસ મજાની છત્રી ડેકોરેશન કરી હતી. બાળકોને ચોમાસાની ઋતુના ફળ, શાકભાજી, ચોમાસાને અનુરૂપ પોશાક વિશે માહિતી આપી હતી. બાળકોએ વર્ષા ગીત ઉપર સરસ મજાનો ડાન્સ કરી વરસાદની મજા માણી હતી અને બાળકો મેઘધનુષ, સુરજ અને વાદળ બનીને આવ્યા હતા. બાળકોમાં ખૂબ જ આનંદ અને ઉત્સાહ જોવા મળ્યો હતો.



દિવાળીની ઉજવણી



